
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




જો બધુ તંત્ર મહેમાનો પાછળ લાગી ગયુ છે, તને પકડવા કોઇ નહી આવે તારે તારી મેળે સમજીને રોડ પર નથી આવવાનું... વિદેશી મહેમન આગળ આપણુ ખરાબ ન લાગવુ જોઇએ...!!

# લકઝરી બસમાંથી ફોટો ફ્રેમની આડમાં દારૂની હેરાફેરી ઝડપાઈ

## પોલીસે વિદેશી દારૂની ૩૨૫ બોટલ કબ્જે કરી

ગાંધીનગર, તા.૮

ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી વાહન ચેકીંગ દરમિયાન લકઝરી બસની ડેકીમાંથી ચિલોડા પોલીસે રૂ.૧ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. દારૂનો જથ્થો પહોંચાડવા માટે બુટલેગરોએ નવો કિમીયો અપનાવ્યો હતો. ફોટો ફ્રેમમાં સંતાડી રાખેલી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની ૩૨૫ બોટલ મળી આવી હતી. પોલીસે પ્લાયવુડની ફ્રેમો અને વિદેશી દારૂ મળી કુલ રૂ.૧,૦૦,૫૬૫ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિદેશી દારૂની હેરાફેરી માટે બુટલેગરો પોલીસથી બચવા માટે અવનવા પેંતરા રચતા હોય છે. ત્યારે બુટલેગરોએ અપનાવેલ નવો પેંતરો પણ કામ આવ્યો નથી. ચિલોડા પોલીસ દ્વારા ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી રાત-દિવસ ચાલે છે. ત્યારે ચિલોડા પીઆઈ એ.એસ.અસારી સહિત પોલીસ કર્મચારીઓ નાકા પોઈન્ટ પર હાજર હતા. તે સમયે હિંમતનગરથી પટેલ ટ્રાવેલની લકઝરી બસને ઈશારો કરી રોકી દેવાઈ હતી. ત્યારબાદ ડ્રાઈવર-કંડકટરને સાથે રાખી બસના મુસાફરોનો સામાન ચેક કરવામાં આવ્યો હતો. પરંતુ કોઈ શંકાસ્પદ ચીજવસ્તુ મળી આવી ન હતી.

જયારે લકઝરીની ડેકીમાં તપાસ કરતા પ્લાયવુડની ફોટો ફ્રેમ રાખેલા કુલ-૩૭ બોકસ મળી આવ્યા હતા.

આ પાર્સલ અંગે પોલીસ દ્વારા પુછપરછ કરવામાં આવતા નાથદ્વારા રાજસ્થાન હાઈવે રોડ ઉફરથી લોકેશ બાબુલાલજી કોઈવાલે (રહે.પોટલાતા.ગંગાપુર, જી.ભીલવાડા) મોકલ્યા છે. આ પાર્સલ અમદાવાદ લઈ જવાના હતા. ત્યાં પહોંચીને લોકેશનો માણસ આવીને પાર્સલ લઈ જવાનો હતો.જેતી પોલીસે બોકસમાં રહેલી ફોટો ફ્રેમમાં તપાસ કરતા વિદેશી દારૂની ૩૨૫ બોટલ મળી આવી હતી. પોલીસે વિદેશી દારુનો જથ્થો કિં.૧ લાખથી વધુ તેમજ ભિલવાડા રાજસ્થાનના લોકેશ કોઈવાલ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## ખૂણેખાંચરેથી

● જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે આજે જિલ્લાના મહેસુલી અધિકારીઓની બેઠક મળી હતી.

● નાયબ જિલા વિકાસ અધિકારી (પંચાયત)એ આજે પંચાયતવેરાની ઓછી વસુલાત તેમજ ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટના કામો અંગે દહેગામ તાલુકાની સમીક્ષા કરી હતી.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ અને શહેરમાં ૧૪ લોકોને કોરોના પ્રિકોશન ડોઝ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં સગા વિરૂદ્ધ નોંધાવેલી ફરિયાદ પાછી લેવાનું કહી ૪ શખ્સોએ એક મહિલાને ગડદાપાટુનો માર માર્યાની ફરિયાદ નોંધાઈ છે.

● દહેગામ વેપારી અપહરણ કેસમાં પકડાયેલા બે આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે.

● કલોલમાં દબાણો વધી રહ્યા છે આ દબાણો એટલી હદે વધ્યા છે કે એટીએમ પણ ઢંકાઈ જવા પામ્યુ છે.

● દહેગામ-વાસણા રાઠોડ રોડ પર ટ્રેકટરને અકસ્માત નડતા ટ્રેકટર પલ્ટી ખાઈ જતાં બે લોકોને ઈજા પહોંચી હતી.

● દહેગામમાં આવેલ બહેરા મુંગા શાળામાં શૈક્ષણિક વિકાસ અંગેનો કાર્યક્રમ યોજાયો.

● કલોલમાં એક શખ્સે સામાન્ય બાબતે યુવાનને માર મારતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

● માણસામાં દાંડિયા રમવાની ના કહેતાં ત્રણ શખ્સોએ બે વ્યક્તી પર છરા વડે હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

● કલોલમાં ઓટલાને લઈ ધીંકાણું : ૧૪ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ.

● માણસા તાલુકા ભાજપની કારોબારી આજે પાટણપુરા ખાતે મળી હતી.

● ગાંધીનગર શહેરમાં આજે દિવસ દરમ્યાન ગરમી ઉનાળા જેવી વર્તાતી હતી.

● રાજ્યના ગૃહ વિભાગે ૧૩ જેટલા પ્રોબેશનર ડીવાયએસપીના ફિલ્ડ ટ્રેનીંગ માટેના હુકમો જારી કર્યા છે.

● આજે માણસા ખાતે જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા મેગા આયુર્વેદ નિદાન કેમ્પનું આયોજન કરાયુ છે.

## ખુનના ગુનામાં હથીયારની મદદ કરનાર નાસતો ફરતો આરોપી ઝડપાયો




ગાંધીનગર, તા.૮

શહેરના સેકટર-૭ પોલીસ મથકમાં રજીસ્ટ્રર ખુનના ગુનામાં મારક (હથીયાર૦ અપાવવામાં મદદ કરનાર અને છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપી જયંતિભાઈ ઉર્ફે જયંતિલાલ ઉદારામ પુરોહિત (જોશી) ને એલસીબી-૨ પોલીસે બાતમીને પગલે ગાંધીનગરના ડેપો ખાતેથી દબોચી લીધો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## વૈષ્ણોદેવીથી ઝુંડાલ જતા કારે બાઈકને ટક્કર મારતા એકને ઈજા

ગાંધીનગર, તા.૮

ખોરજ વૈષ્ણોદેવી મંદિરથી ઝુંડાલ તરફ જતા સર્વિસ રોડ ઉપર શાલીગ્રામ લેકવ્યુ પાસે ચાલકે પોતાની કાર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી બાઈક સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક નીચે પટકાતા ઈજા પહોંચી હતી. જયારે ઈજાગ્રસ્તને સારવાર માટે લઈ જવાતા પગે ફેકચર હોવાનું નિદાન થયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના વેજલપુર ખાતે રહેતા અને મિસ્ત્રીકામ કરતા હદયસિંહ રાજપુત પરિવાર સાથે રહે છે. હદયસિંહ પાસે ડીસ્કવર બાઈક જી.જે. ૦૧. એસ.યુ. ૫૬૬૯ છે જેનો ઉપયોગ ફરીયાદી અંગત કામ માટે કરે છે.ગતરોજ બાઈક લઈને યુવક વેજલપુરથી મિસ્ત્રીકામ કરવા માટે વૈષ્ણોદેવી થી ઝુંડાલ માર્ગ પર ગણેશ ઈલાઈટ ફલેટ પર જવા માટે નીકળ્યો હતો. વૈષ્ણોદેવી થી સર્વિસ રોડ પર બાઈક લઈને જઈ રહ્યો હતો તે સમયે સાઈડમાં આવેલા ફલેટના ટાવર પાસે એક શખ્સ તેની કાર લઈને અચાનક બાઈકના ડાબી બાજુએ ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. ત્યારે ફરીયાદી અને તેમનો દિકરો બંન્ને બાઈક પર થી નીચે પટકાયા હતા. અકસ્માતમાં બાપ-દિકરા બંન્ને ઘસડાતા ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે રાહદારીઓ એકઠા થઈ ગયા હતા. ત્યારબાદ ૧૦૮ને કોલ કરતા આવી જતા સારવાર માટે સોલા સિવિલ લઈ ગયા હતા.જયાં ફરીયાદીને પગના નળાના ભાગે ફેકચર હોવાનું નિદાન થયુ હતું. જયારે બનાવ અંગે બાઈક ચાલકે કાર ચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ગાંધીનગર તથા શ્રી અરવિંદ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે શ્રી મહર્ષિ અરવિંદની ૧૫૦ મી વાર્ષિક ઉજવણી નિમિત્તે ઉમા આર્ટસ અને નથીબા કોમર્સ મહિલા કોલેજ ની વિદ્યાર્થીનીઓ સાથે શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું.વિદ્યાર્થીનીઓ એ શ્રી મહર્ષિ અને માતાજીના પ્રેરક પ્રસંગો વિશે ખૂબ સરળ વક્તવ્ય આપ્યું હતું. વિદ્યાર્થીઓના માનસિક વિકાસ અને ઉન્નતિ માટે સુશ્રી જ્યોતિબેન થાનકી અને ચેરમેન ડોક્ટર તન્ના એ પ્રેરક અને પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.આ સાથે કોલેજના પ્રધ્યાપક તથા કેન્દ્રના ટ્રસ્ટીઓ જોડાયા હતા. કાર્યક્રમની અંતે અલ્પાહાર અને આનંદ સાથે અધ્યાત્મ ની લાગણી સાથે કયિંક પ્રાપ્ત કર્યા નો અનુભવ પ્રાધ્યાપકો એ સૂચિત કર્યું હતું.

## આચાર્ય યેસી કુંશુકનું બૌદ્ધ ધર્મ સંસ્કૃતિ અંગે ૯મીએ વક્તવ્ય યોજાશે

ગાંધીનગર, તા. ૮

ભારત તિબ્બત મૈત્રી સંઘ દ્વારા તારીખ ૯ના રોજ સાંજે ૬.૧૫ કલાકે 'તિબેટમાં બૌદ્ધ ધર્મ સંસ્કૃતિ અને સાહિત્યની દશા અને દિશા' વિષય પર વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું છે. જે 'ધમ્મ વિહાર', પ્લોટ નં. ૭૨૨, આદર્શનગર, સે. ૨૪ માં સાંજે ૬.૧૫ કલાકે યોજાશે. નિર્વાસિત તિબેટ સરકારના પૂર્વ ઉપ સભાપતિ આચાર્ય યેસી કુંશુક ભારત તિબેટ મૈત્રી સંઘના પ્રયત્નોથી ગુજરાતની પાવન ધરતી પર પધારી રહ્યા છે. તેમના અનુભવો અને ચિંતનથી ભરેલુ વક્તવ્ય સાંભળવાનો લાભ લેવા નાગરિકોને ભાવભીનુ નિમંત્રણ પાઠવ્યું હતું.

## મહિલાના અપહરણનો પ્રયાસ કરનાર શખ્સને પોલીસે દબોચી લીધો

ગાંધીનગર, તા.૮

શહેરના સેકટર-૪ સ્થિત એક સંસ્થામાં સાથે કામ કરતા મહિલા કર્મચારીના પ્રેમમાં અંધ બનેલા શહેરના એક શખ્સે લગ્ન કરવા માટે દબાણ કરી મહિલા કર્મચારીને છરો બતાવ્યો હતો. જયારે છરો જોઈને મહિલા ભયભીત બની ગઈ હતી. તો બીજીતરફ આ કર્મચારી બળજબરીપુર્વક એકટીવા પર બેસાડી લઈ જવાનો પ્રયત્ન કરતા સીસીટીવી કેમેરામાં કેદ થયો છે. બનાવ અંગે ગુનો નોંધાતા શખ્સને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના જુના સેકટરમાં રહેતી પરિણિતા સેકટર-૪ સ્થિત એક સંસ્થામાં ફરજ બજાવે છે. તાજેતરમાં આ યુવતિના પ્રેમલગ્ન થયા છે. ત્યારે આ સંસ્થામાં અન્ય એક શખ્સ પણ નોકરી કરે છે. આ યુવકે મિત્રતા કેળવી નાસ્તો કરવા લઈ જતો હતો. જયારે યુવક ઈમોશનલ બ્લેકમેઈલ કરવાનો પ્રયત્ન કરતો હતો પરંતુ યુવતિએ દાવો કર્યો છે કે તેણે તે શખ્સની વાતો પર ધ્યાન આપતી ન હતી. જો કે શખ્સ હેરાનગતિ કરીને લગ્ન કરવા દબાણ કર્યા રાખતો હતો. તાજેતરમાં યુવતિ નોકરી પર આવવા માટે ઘરેથી નીકળી રહી હતી.તે સમયે શખ્સ સાયકલ લઈને પહોંચી ગયો હતો અને મોબાઈલ લઈ રફુચકકર થઈ ગયો હતો. ત્યારે પણ શખ્સ મારી સાથે લગ્ન કરીશ તો જ મોબાઈલ પરત આપીશ અને તારા પતિને છોડીશ કરી તે સમયે પણ ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. જયારે બીજા દિવસે ઓફિસ જતા શખ્સ ફરીવાર લગ્ન માટે દબાણ કરતો હતો. જયારે ઓફિસથી સાંજના સમયે છુટયા પછી બેઝમેન્ટમાં બળજબરી છરો બતાવી એકટીવા પર ઉંચકીને બેસાડવાનો પ્રયત્ન કરતો હતો. તે સમયે કોઈ વ્યકિત આવી જતા છરો મુકી દીધો હતો. જયારે તેણી સાથે મારામારી પર ઉતરી આવતા હોહા કરતા તે એકટીવા લઈને નાસી ગયો હતો. સમગ્ર બનાવની જાણ યુવતિએ તેના પતિને ફોનથી કરી દીધી હતી. તે સમયે શખ્સ પરત આવી મનાવવા માટે પ્રયાસ કરતો હતો.તે સમયે તેણીનો પતિ આવી જતા શખ્સ તેની સાથે ઝપાઝપી કરવાલાગ્યા હતો.આખરે યુવતિએ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે શખ્સની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## મહિલા જાગૃતિ ટ્રસ્ટ દ્વારા બાળકોને સ્કૂલ બેગનું વિતરણ

ગાંધીનગર, તા. ૮

મહિલા જાગૃતિ અભિયાન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દહેગામ, સંચાલીત બહેરા મૂંગા શાળા દ્વારા બાળકોના શૈક્ષણિક વિકાસ અંગેનો કાર્યક્રમ યુનીયન બેંક ઓલ ઈન્ડિયન એસોસેશીયન દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના ૪૦ બાળકોને સ્કૂલબેગ અને ભોજનાલયમાં ફ્રીઝ આપવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં બેંકના જનરલ સેક્રેટરી, વકીલ પેન્સીડન્ટ તેમજ બેંકના અધિકારીઓ અને સ્ટાફગણ હાજર રહ્યા હતા. સંસ્થા અને શાળાનો પરીચય સંસ્થાના પ્રમુખ ઈન્દુમતીબેન એમ. બ્રહ્મભટ્ટે આપ્યો હતો અને બેંકનો આભાર વ્યક્ત કર્યો હતો.



સ્વ આનંદીબા શંકરસિંહ ગોહીલની ચોથી પુણ્યતિથી નિમિત્તે ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય શંકરસિંહ ગોહીલ, વકીલ ગાયત્રીબા પ્રતિકસિંહ ગોહીલ દ્વારા ગરીબોને ખીચડીનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન એક હજાર ગરીબોને વઘારેલી ખીચડી પીરસવામાં આવી હતી આ સેવા કાર્યમાં સરકારી વકીલ જતીનભાઇ ખખ્ખર, સંદીપસિંહ વાઘેલા, ,સુમિતસિંહ ગોહીલ ,પ્રકાશભાઇ નાઇ, પ્રકાશસિંહ વાઘેલાએ પણ હાજરી આપી સહકાર આપ્યો હતો.

## સિવિલમાં લાખો રૂપીયા ખર્ચીને બનાવેલા ઉદ્યાન ઝાંળી-ઝાંખરામાં ફેરવાયા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં કેટલીક પડતર જગ્યાઓ પર વિવિધ વૃક્ષના છોડ વાવીને અવનવા ઉદ્યાનના નામ આપવામાં આવ્યા હતા. લાખો રૂપીયાના ઉદ્યાન ઝાંળી ઝાખરમાં ફેરવાઈ ગયા છે. માવજતને અભાવે ઉદ્યાન જંગલ બની ગયા છે. ત્યારે સિવિલ કેમ્પસમાંથી ઝડપી આ બિન ઉપયોગી ઉદ્યાન દુર કરી તે સ્થાન પર પેવર બ્લોક નાંખી તે જગ્યાનો સદઉપયોગ કરવામાં આવે તેવી ચર્ચા ચાલી રહી છે.

મળતીવિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આરએમઓ ઓફિસની આસપાસના વિસ્તારમાં લાખો રૂપીયા ખર્ચીને વિવિધ વનસ્પતિ ઉઘાડીને ઉદ્યાનનાનામ આપવામાં આવ્યા હતા.

ત્યારે આ ઉદ્યાન હવે ઝાંડી -ઝાંખરામાં ફેરવાઈ ગયા છે. કોઈ માવજત કરતું નથી. ત્યારે બિનઉપયોગી ઘાસને પગરે આ વિસ્તારમાં મચ્છરોનો પણ ઉપદ્રવ વધી જવા પામ્યો છે. ત્યારે આ બિન ઉપયોગી ઉદ્યાનની આસપાસના એનઆઈસીયુ-ગાયનેક વોર્ડ આવેલા છે. ત્યારે મચ્છરોના ત્રાસ વધતા દર્દીઓ પણ હેરાન પરેશાન થઈ જાય છે. સિવિલા બિનઉપયોગી ઉદ્યાનની જગ્યા પર પેવર બ્લોક નાંખી તે જગ્યાનો તંત્ર દ્વારા સદઉપયોગ કરવામાં આવે તેવી ચર્ચાઓ સિવિલ કેમ્પસમાં ચાલી રહી છે. ત્યારે ઉદ્યાન પાછળ લાખો રૂપીયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જે તે સમયે ઉદ્યાનની માવજત માટે લાખો રૂપીયાના સાધનો પણ વસાવવામાં આવ્યા હતા. ત્યારે હાલના સમયે તે ઉદ્યાનના સાધનો પણ છે કે નહી તે પ્રશ્ન છે.



ગાંધીનગર ન્યાય મંદિરની પાછળના ભાગે ગટરો સતત ઉભરાય છે. ગટરો ઉભરાતા અહીં સતત વાસ આવતી રહે છે. ગંદા પાણીના ખાડા કોર્ટ અને એમએસ બિલ્ડીંગની વચ્ચે ભરાય છે. આ ગંદા પાણીના ખાડાઓના કારણે અરજદારોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

## પલિયડ ગામમાં રાષ્ટ્રીય સેવા યોજનાની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૮

ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા દ્વારા રાષ્ટ્રીય સેવા યોજનાની શિબિર કલોલ તાલુકાના પલિયડ ગામમાં તા. બીજી ફેબ્રુઆરી થી સાત ફેબ્રુઆરી સુધી યોજાઈ. તેના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ડૉ. અરુણભાઈ ગાંધી, રા.સે.યો. ના સંયોજકશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ડૉ.રાજીવ પટેલ, સંયોજકશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા, પલિયડ ગામમાંથી પૂર્વ ધારાસભ્યશ્રી સુરેશભાઈ પટેલ, સરપંચશ્રી નિતેષભાઈ, ગ્રામ વિકાસ મંડળ ના ટ્રસ્ટીશ્રી શંકરદાદા, પલિયડ કેળવણી મંડળના પ્રમુખશ્રી રમેશભાઈ તથા લાછીયાભા પરિવાર માંથી શ્રી જયંતિભાઈ અને શ્રી મગનભાઈ તેમજ પ્રાથમિક શાળા ના આચાર્યશ્રી જગદીશભાઈ પટેલ ઉપસ્થિત રહેલ. સાત દિવસની શિબિર માં વ્યસન મુક્તિ, પર્યાવરણ બચાવો, સ્વચ્છતા અભિયાન, અંધ શ્રદ્ધા નિવારણ, પ્રૌઢ શિક્ષણ, યુવા શિક્ષણ, પુસ્તક પ્રદર્શન, સજીવ ખેતીનો વાર્તાલાપ, આયુર્વેદ સર્વરોગ નિદાન કેમ્પ અને દવાઓ નિઃશુલ્ક, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે જેવી રાષ્ટ્ર નિર્માણની પ્રવૃત્તિઓ કરી.



જન સમુદાયને શિખવાડવા નહીં પણ શિખવા માટે સ્વયંસેવકો એ શિબિર કરી. સમાપન કાર્યક્રમમાં ડૉ. નિખિલ ભટ્ટ, કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ, પલિયડ ગામ માંથી રમેશભાઈ મંત્રી, કનુભાઈ મંત્રીશ્રી, ગ્રામ વિકાસ મંડળ, પૂર્વસરપંચશ્રી નટવરભાઈ, દૂધ મંડળીના મંત્રી શ્રીમહેન્દ્રભાઈ તથા લાછીયાભા પરિવારના શ્રી પરેશભાઈ તથા શ્રી ભરતભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## ડીંગુચા પ્રાથમિક શાળાના બાળકો દ્વારા વિવિધ વ્યવસાયિક સ્થાનોની મુલાકાત

ગાંધીનગર, તા. ૮

કલોલ તાલુકાની ડીંગુચા પ્રાથમિક શાળાના ધોરણ-૧ અને ૨ ના નાના ભૂલકાંઓએ ડીંગુચા ગામની ગ્રામ પંચાયત, ડેરી, સહકારી મંડળી, પોસ્ટ ઓફિસ, આંગણવાડી તથા વિવિધ વ્યવસાયકારોની મુલાકાત લીધી હતી. જેમાં ગ્રામ પંચાયતના તલાટી જયેશભાઈએ બાળકોને ગ્રામ પંચાયતના કાર્યો, આવકના સાધનો, સરકાર તરફથી મળતી સહાય વિશે બાળકોને વિસ્તૃત માહિતી આપી હતી. બાળકો પ્રત્યક્ષ જ્ઞાન મેળવે તે હેતુથી મુલાકાત લીધી હતી. શિક્ષક જિજ્ઞાસાબેન પ્રજાપતિ તથા મનુભાઈ પરમારે સર્વેનો સહયોગ આપવા બદલ આભાર માન્યો હતો.

## ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્ર એનાયત કાર્યક્રમ ૧૦મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૮

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સે. ૧૭ ખાતે તારીખ ૧૦ના રોજ સાંજે ૬ કલાકે ગ્રંથાલય ખાતા હસ્તક અનુદાનિત ગ્રંથાલયો માટે સને ૨૦૧૬-૧૭ અને સને ૨૦૧૭-૧૮ તથા સને ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ વર્ષ માટે યોજાયેલ સ્વ. મોતીભાઈ અમીન ઉત્તમ ગ્રંથાલય સેવા પારિતોષિક અને ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્ર સ્પર્ધાના વિજેતા ગ્રંથાલયોને ભાગ્યેશ જહા, અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના વરદહસ્તે પારિતોષિક અને પ્રમાણપત્ર એનાયત કરવાનો સમારોહ યોજાશે.

## ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ દ્વારા વનૌષધિ ગાર્ડન ની મુલાકાત

ગાંધીનગર, તા. ૮

ગુજરાત સ્ટેટ યોગ બોર્ડના ઉપક્રમે ગાંધીનગરમાં આવેલ વનૌષધિ ગાર્ડનની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં યોગ બોર્ડના કોચ ,ટીમલીડર અને ટ્રેનરો વિગેરે ૬૦ યોગ સાધકોએ લાભ લીધો હતો સવારે ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ ના ગાંધીનગર મહાનગર પાલિકા કો-ઓર્ડીનેટર અને યોગકોચ ભાવના જોશી અને યોગ કોચ યોગેશ જનસારી(યોગા ફિટનેસ) એ યોગ સેશન ની શરૂઆત કરી યોગા, હાસ્યાસન ,આસનો કર્યા હતા. ત્યારબાદ ઔષધીય વનસ્પતિની માહિતી ડો. વિક્રમભાઈ ઉપાધ્યાય મારફતે વિવિધ ઔષધીઓનો ઉપયોગ કેવી રીતના કરવો તે અંગે માહિતી આપવામાં આવી હતી.



**નામ બદલેલ છે**

મારું જુનુ નામ સોનાલી પ્રવિણચંદ્ર શાહ હતું. જે બદલીને મારુ નવું નામ સોનાલી તુષાર શાહ રાખેલ છે.

સરનામું :
૨૬, સિધ્ધરાજ ગ્રીન્સ, ચરેડી વોટર વર્કસ પાસે, પેથાપુર, ગાંધીનગર, ગુજરાત.
પીનકોડ : ૩૮૨૬૧૦

**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION, GUJARAT**
(A State Public University establishshed by Government of Gujarat)
ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગુજરાત

**Recruitment-2023** (Advt. No. – C2/2023)

આઈઆઈટીઈ ખાતે તદન હંગામી ધોરણે કરાર આધારિત એકાઉન્ટન્ટ, પી.એસ.ટુ રજીસ્ટ્રારની નિયુક્તિ કરવાની છે.

અરજી કરવાની છેલ્લી તારીખ : ૨૦-૦૨-૨૦૨૩

વધુ વિગતો માટે અમારી વેબસાઈટ – www.iite.ac.inની મુલાકાત લો.

કુલસચિવ, આઈઆઈટીઈ